દક્ષિણ ગુજરાતમાં આદિજાતિ બાળકો માટે સૈનિક શાળા મંજુર કરવાની નવી બાબતને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: અનશ/૨૦૨૦૧૭/ન.બા.૧૭/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૧/૦૪/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) કાર્યપાલક નિયામકશ્રી, જીએસટીઇએસ નો તા.૧૩/૧૨/૨૦૧૬નો પત્ર નં. ટીડી/ઇઆરએમએસ/૨૦૧૬-૧૭/૧૮૧૬/૨૨૬૫, અને કાર્યપાલક નિયામકશ્રી, જીએસટીઇએસ નો તા.૦૬/૦૪/૨૦૧૭ નો પત્ર નં. ટીડી/ઇઆરએમએસ/ ૨૦૧૭/૧૮૭૭/૪

**ઠરાવ:-**

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા સાબરકાંઠા જિલ્લામાં ખેરંચા ગામ ખાતે સૈનિક સ્કુલ ખેરંચા શાળાનું સંચાલન કરવામાં આવે છે. સૈનિક સ્કુલ ખેરંચા, આદિજાતિના બાળકો માટે ચાલતી ગુજરાત સરકાર દ્વારા ચાલતી એક માત્ર સૈનિક શાળા છે. આ શાળામાં આદિજાતિ બાળકોની પ્રતિભાને વિકસાવી તેઓને આર્મી, આઈ.પી.એસ. કે પોલીસ દળમાં જોડાઈ શકે તેવી તાલીમ પુરી પાડવામાં આવે છે. જેમાં બાળકો માટે ખાસ તાલીમ શિબિર તેમજ આર્મીના ઓફીસરો દ્વારા તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવે છે. હાલમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં આદિજાતિ બાળકો માટે ફક્ત અરવલ્લી જિલ્લા ખાતે એક શાળા કાર્યરત છે. આદિજાતિ વિસ્તાર પૈકી દક્ષિણ ગુજરાતમાં ઘણી આદિવાસી જાતિઓ વસવાટ કરે છે. જેઓ માટે હાલમાં કોઈ પણ સૈનિક સ્કુલની સુવિધા ઉપલબ્ધ નથી. વધુમાં દક્ષિણ ગુજરાતના આદિજાતિ બાળકોની શારીરિક ક્ષમતાઓ જોતા તેઓને તસ આપવામાં આવે તો આર્મી, પોલીસ દળ તેમજ અન્ય સુરક્ષા ક્ષેત્રમાં આગળ પોતાની કારકીર્દી બનાવી શકે તેમ છે. જે બાબત ધ્યાને લઇને દક્ષિણ ગુજરાતમાં આદિજાતિ બાળકો માટે સૈનિક શાળા મંજુર કરવા કાર્યપાલક નિયામકશ્રી, જીએસટીઇએસ. એ આ અંગેની વર્ષ ૨૦૧૭-૧૮ માટે રૂ.૨૦૦ લાખની માંગણી ક્રમાંક: ૯૬ હેઠળની નવી બાબતનો સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ, જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે દક્ષિણ ગુજરાતમાં આદિજાતિ બાળકો માટે સૈનિક શાળા શરૂ કરવા માટેના આવર્તક ખર્ચ રૂ.૩૧.૨૦ લાખ, અનાવર્તક ખર્ચ રૂ. ૧૦ લાખ, તથા સૈનિક શાળાના બાંધકામ માટેના રૂ. ૧૫૮.૮૦ લાખ મળી કુલ રૂ. ૨૦૦/- લાખ (અંકે રૂપિયા બે કરોડ પુરા) ની સને ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આઇ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક:-એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન એસ.ઓ.આર. મુજબ નકશા-અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૯) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૧૦) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતુ, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજુરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજુરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૧૧) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) શકય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૧૩) મંજુર કરવામાં આવનાર અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલ વહીવટી મંજુરી સમયસર મેળવવાની પુરતી તકેદારી રાખવાની રહેશે.

(૧૪) સૈનિક શાળા, સુરતના મકાન બાંધકામ માટેના અંદાજો વિભાગે હજુ સુધી રજુ કરેલ નથી. આથી આ કામ માટેના R&B દ્વારા તૈયાર કરવામાં આવનાર અદ્યતન SOR

આધારિત નકશા અંદાજો રજુ કરી નાણા વિભાગની વહીવટી મંજુરી મેળવ્યા બાદ જ બાંધકામ માટેની મંજુર થયેલ રૂ.૧૫૮.૮૦ લાખની ગ્રાન્ટમાંથી ખર્ચ કરવાનો રહેશે તેની કાળજી લેવાની રહેશે.

(૧૫) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રિય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૬) આ શાળાનું સંચાલન અંગેની દરખાસ્તની રાજય સરકારની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૭) યોજના હેઠળના નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨-અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: ૮૯-VKY-૨૩૦ એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓ માટેની નવી બાબત હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૦/૦૪/૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)<br>
સેક્શન અધિકારી<br>
આદિજાતિ વિકાસ વિભાગ<br>
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, (આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.
- કાર્યપાલક નિયામકશ્રી, જીએસટીઇએસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર

- નાણા સલાહકારશ્રી (આ.વિ.), બ્લોક નં.૧૧/૩જો માળ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી. ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ.